## 1. રાષ્ટ્રસંઘની સ્થાપનાના હેતુઓ કયા હતા ?

- મહાવિનાશક યુદ્ધ પછી વિશ્વના દેશોમાં શાંતિ જાળવી રાખવા, પરસ્પરના મતભેદોને શાંતિથી દૂર કરવા તથા વિશ્વ બંધુત્વની ભાવનાને વિકસાવવા આંતરરાષ્ટ્રીય સંસ્થાની જરૂર હતી અમેરીકન પ્રમુખ વુડ્રો વિલ્સનના 14 મુદાને આધારે પેરિસમાં ભરાયેલી શાંતિ પરિષદે રાષ્ટ્રસંઘની સ્થાપના કરી. રાષ્ટ્રસંઘના સભ્ય બનવા ઇચ્છતા રાષ્ટ્ર સૌ પ્રથમ ખતપત્રની શરતોનો સ્વીકાર. રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં બે તૃતીયાંશ સભ્યોની બહુમતી મેળવવાની રહેતી .
- રાષ્ટ્રસંઘની સામાન્ય સભાના બે તૃતીયાંશ સભ્યોની બહુમતી મેળવવાની રહેતી. રાષ્ટ્રસંઘના સભ્યપદેથી દૂર થવા માટે બે વર્ષ પહેલા ફરજિયાત નોટીસ દ્વારા જાણ કરવાની રહેતી. ખતપત્રનો ભંગ કરનારને રાષ્ટ્રસંઘમાંથી દૂર કરવાની જોગવાઇઓ પણ હતી. અમેરિકા જેવી મહાસત્તા આ સંસ્થામાં ક્યારેય જોડાઈ નહતી છતાં રાષ્ટ્રસંઘની દરેક પ્રવૃત્તિ પર તેનું વર્ચસ્વ રહેતું. પર રાષ્ટ્રસંઘના હેતુઓ નીચે મુજબ છે.

  (1) રાષ્ટ્રસંઘના દરેક સભ્યરાષ્ટ્ર અન્ય રાષ્ટ્રની પ્રાદેશિક અખંડિતતા જાળવવી.

  (2) ગુપ્ત સંધિઓ કરવી નહીં.

  (3) શસ્રસામગ્રીનો વધારો ન કરવો.

  (4) મતભેદ કે ઝઘડાનો ઉકેલ વાટાઘાટો દ્વારા કે મધ્યસ્થ લવાદના ચુકાદાને સ્વીકારે નહીં અને યુદ્ધનો આશ્રય લેતો તેને બળવાખોર રાષ્ટ્ર જાહેર કરવું. તેની સાથેના દરેક સંબંધો કાપી નાખવા. આ યુદ્ધમાં દરેક રાષ્ટ્ર બળવાખોર રાષ્ટ્ર સામે લડવા દરેક પ્રકારની યુદ્ધ માટેની મદદ કરવી.

  (5) કોઇપણ યુદ્ધને જન્મ આપનાર ગરીબી, બેકારી, નિરક્ષરતા દૂર કરવા દરેક રાષ્ટ્ર પ્રયત્ન કરવા.

## 2. વિશ્વસત્તા તરીકે જાપાનનો ઉદય કઈ રીતે થયો?

- જાપાનની આંતરિક અને વિદેશનીતિ બંધારણીય, સંસદીય લોકશાહીના સ્વરૂપની હતી, તેમજ આંતરરાષ્ટ્રીય સદભાવ સહિષ્ણુતા અને સહયોગનું વર્ચસ્વ વિદેશનીતિમાં હતું . એશિયાનો નાનકડો દેશ જાપાન 20મી સદીના પ્રથમ ત્રણ દાયકા સુધી મૂડીવાદી અને વ્યક્તિવાદી વિચારસરણીના પ્રભાવ નીચે હતો. વ્યક્તિવાદી વિચારના પ્રભુત્વને પરિણામે વેપાર, રોજગાર અને ઉદ્યોગ-ધંધાની પ્રગતિ થઈ હતી.
- પાશ્ચાત્ય જીવનશૈલીના કારણે દેશની સંપત્તિ અને પ્રગતિ અમુક વિશિષ્ટ વર્ગના હાથમાં રહી, તેણે પોતાની અનુકૂળતા પ્રમાણે દેશની નીતિ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો રાષ્ટ્રમાં આર્થિક અને સામાજિક સ્થિરતા સ્થાપવાના પ્રયત્ન પછી જાપાને લકરવાદી પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ શરૂ કરી. પરિણામે રાજકીય, આર્થિક ને લશ્કરી તાકાતમાં વધારો કરી જાપાન વિશ્વમાં પાશ્ચાત્ય મહાસત્તાની હરોળમાં સ્થાન મેળવવામાં સફળ બન્યું.

## 3. વૈશ્વિક મહામંદી માટે કયા કારણો જવાબદાર હતાં?

- વૈશ્વિક મહામંદી માટે પ્રથમ વિશ્વયુધ્ધમાં થયેલી જાનમાલની ખુવારી, ઉત્પાદકતા અને ખરીદશક્તિ વચ્ચેનું ભારે અંતર, આર્થિક રાષ્ટ્રવાદી ભાવના, મૂડી અને શ્રમક્ષેત્રની બચત, બેકિંગ ક્ષેત્રના ગોટાળા, આંતરરાષ્ટ્રીય વેપારની પડતી, રાજકીય ક્ષેત્રની અશાંતિ અને અસ્થિરતા તેમજ શાખ ધિરાણની નીતિ, કૃષિ ઉદ્યોગ ક્ષેત્રનું અમર્યાદિત વિસ્તરણ અને વૈશ્વિક સંપૂર્ણ-ભંડારમાં આવેલ ઓટનો સમાવેશ કરવામાં આવે છે.

### 4. સમ્રાટ વિલિયમ કૈઝર જર્મની છોડી કેમ ભાગી ગયો ?

- જર્મનીની પ્રજા પ્રથમ વિશ્વયુધ્ધમાં જર્મનીના પરાજય માટે તેની દોહેંજોલર્ન વંશના સમ્રાટ વિલિયમ કેઝરને જવાબદાર ગણાતી. હતી. હજારો જર્મન શ્રમિકોએ શ્રમિક સંઘોની રચના કરી હતી. જર્મન પ્રજા રાજશાહીને સ્થાને સમાજવાદી, સામ્યવાદી કે લોકશાહી સરકારની રચના થાય એમ ઈચ્છતી હતી. સમ્રાટને જયારે લશ્કર માં ફેલાયેલા અસંતોષની જાણ થઈ ત્યારે તે જીવ બચાવવા જર્મની છોડી હોલેન્ડ ભાગી ગયો.